RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૦૮ તા.૨૬–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી (૧)વોર્ડ નં.૧૧/૨૩૩૧ પર થઈ રહેલ બાંધકામની મંજુરીની નકલ,લે–આઉટ પ્લાનની નકલ,બાંધકામ કરવાની પરવાનગીની સાથે મુકેલા દસ્તાવેજી પુરાવાની નકલો,બાંધકામ તોડવાની કોઈપણ પરવાનગી હોય તો તેની નકલો આપશો. (૨)કોઈ પણ બાંધકામ ગેરકાયદેસર હોય તો તેની કોઈ પણ આવતી જાણકારી પછી ગેરકાયદેસર બાંધકામ કેટલા દિવસોમાં દુર કરવામાં આવે છે? કેટલા સમયગાળામાં તેના પર કાયદેસરની કાર્યવાહી થાય છે? જેનું લેખિતમાં જવાબ આપશો(૩) માહિતી મુજબ અન્ય માહિતીમાં અન્યકોઈ આરટીઆઈ અરજી આપેલ હોય તો તેની નકલ આપવામાં આવે.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૫૦૮/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૨૪–૧૧–૧૧ની અરજીથી (૧) વોર્ડ નં.૧૧/૨૩૩૧ પર થઈ રહેલ બાંધકામની મંજુરીની નકલ, લે–આઉટ પ્લાનની નકલ, બાંધકામ કરવાની પરવાનગીની સાથે મુકેલા દસ્તાવેજી પુરાવાની નકલો, બાંધકામ તોડવાની કોઈપણ પરવાનગી હોય તો તેની નકલો આપશો. (૨) કોઈ પણ બાંધકામ ગેરકાયદેસર હોય તો તો તેની કોઈ પણ આવતી જાણકારી પછી ગેરકાયદેસર બાંધકામ કેટલા દિવસોમાં દુર કરવામાં આવે છે? કેટલા સમયગાળામાં તેના પર કાયદેસરની કાર્યવાહી થાય છે? જેનું લેખિતમાં જવાબ આપશો. અન્ય માહિતીમાં (૩) માહિતી મુજબ અન્યકોઈ આરટીઆઈ અરજી આપેલ હોય તો તેની નકલ આપવામાં બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જાણવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૭ તા. ૬–૧–૧૨ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ કોઈ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. પરંતુ આવતી અરજીઓના નિકાલની માહિતીના રેકર્ડ પરથી આપેલ માહિતીની નકલ મેળવવામાં આવેલ છે.

અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે ૩૦ દિવસો પૂરા થયા પછી પણ જવાબ મળેલ નથી અધિકારીને રૂબરૂ મળ્યા પછી પણ હાલ સુધી જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૨૬–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં. ૧૭૮૧ તા.૨૨–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. (૧) વોર્ડ નં.૧૧/૨૩૩૧ પર થઈ રહેલ બાંધકામની મંજુરીની નકલ, લે–આઉટ પ્લાનની

નકલ, બાંધકામ કરવાની પરવાનગીની સાથે મુકેલા દસ્તાવેજી પુરાવાની નકલો, બાંધકામ તોડવાની કોઈપણ પરવાનગી હોય તો તેની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. પરંતુ બાંધકામ પરવાનગી રજીસ્ટર કે દફતરી વિગતે હકીકત જણાવેલ નથી. (૨) કોઈ પણ બાંધકામ ગેરકાયદેસર હોય તો તો તેની કોઈ પણ આવતી જાણકારી પછી ગેરકાયદેસર બાંધકામ કેટલા દિવસોમાં દુર કરવામાં આવે છે? કેટલા સમયગાળામાં તેના પર કાયદેસરની કાર્યવાહી થાય છે? જેનું લેખિતમાં જવાબ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે અભિપ્રાય આપવાનોરહેતો નથી. તેવું જણાવેલ છે. પરંતુ કોઈ પણ બાંધકામ ગેરકાયદેસર હોય તો તેની જાણકારી પછી કેટલા સમયગાળામાં તેના પર કાયદેસરની કાર્યવાહી થાય છે? જે અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૪(૧) ડી હેઠળ સ્વયં પ્રકાશિત કરવા યોગ્ય કક્ષામાં આવે છે. જે અંગે કોઈ સમય મર્યાદા નકકી થયેલ હોય તો તેની હકીકતલક્ષી માહિતી અરજદારને આપવાની રહે. (૩) માહિતી મુજબ અન્ય માહિતીમાં અન્યકોઈ આરટીઆઈ અરજી આપેલ હોય તો તેની નકલ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી અત્રે મળેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૨ ની અનુક્રમે દફતરી વિગતેની તથા સ્વયં પ્રકાશિત કરવા યોગ્ય કક્ષાની માહિતી બાબતે ફરીયાદની હકીકતમાં જણાવ્યા મુજબ નહીં પૂરી પડાયેલ દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ